## સે. ૧૩ જ-ટાઈપ વિસ્તારમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૬

સે. ૧૩ના જ-ટાઈપ વિસ્તારમાં ઘર આંગણે પાર્ક કરેલ બાઈકની કોઈ ચોર ઈસમે ઉઠાંતરી કરી હોવાની ફરિયાદ સે. ૭ પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૧૩માં જ-ટાઈપના મકાનમાં બ્લોક નં. ૨૦૭/૪માં રહેતા સુરેશભાઈ જેઠાભાઈ વાઘેલાએ તેમનું બાઈક નંબર જી.જે-૧૮-એ.ઈ.-૭૬૯૦ તેમના ઘર પાસે પાર્ક કર્યું હતું. આ દરમિયાન કોઈ ચોર ઈસમે બાઈકની ઉઠાંતરી કરી હતી. આ અંગે જમાદાર કાળાભાઈ મગનભાઈએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યભરમાં ભાજપનો સ્થાપના દિવસ ઉજવાયો

અમદાવાદ, તા. ૬

ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાના ૩૨ વર્ષ પૂર્ણ થયા અને ૬ એપ્રિલના ૩૩માં સ્થાપના દિવસની સમગ્ર રાજ્યમાં આજરોજ ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાં ભાજપા દ્વારા વંદેમાતરમના નારા સાથે 'કમળ વિકાસ કૂચ'નો કાર્યક્રમ યોજાયો હતો. વંદે માતરમ્, ભારત માતા કી જય અને જય જય ગરવી ગુજરાતના નારા સાથે કાર્યકરો વોર્ડમાં સરઘસાકારે ફર્યા હતા.

કર્ણાવતી ખાતે શાહપુર વોર્ડમાંથી કાર્યકરો બાઈક રેલી કરીને ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે આવ્યા હતા અને સૂત્રોચ્ચાર કરી સ્થાપના દિવસની ઉજવણી કરી હતી તેમજ મણીનગરમાં પંડિત દીનદયાળ ભવન ખાતે આયુર્વેદિક નિદાન કેમ્પનું આયોજન કરેલ, જેનો મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને વિસ્તારના લોકોએ લાભ લીધો હતો. કર્ણાવતી શહેરમાં ઠેર-ઠેર ભાજપાના ધ્વજ લગાવવાના અને 'કમળ વિકાસ કૂચ'ના કાર્યક્રમો યોજાયા હતા. સાબરકાંઠાના હિંમતનગર શહેરમાં કમળ વિકાસ કૂચ કાઢવામાં આવી હતી.

ભાવનગર મહાનગરમાં તમામ વોર્ડમાં કમળ વિકાસ કૂચનો કાર્યક્રમ સાંજે યોજાનાર છે તેમજ ભાવનગર જિલ્લાના ૧૦૦ ગામમાં કાર્યક્રમ કરવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં ૧૦૦૦ સ્થાનો પર ધ્વજ લગાવવાનો કાર્યક્રમ અને કમળ વિકાસ કૂચ યોજાઈ હતી. ગાંધીનગર જિલ્લામાં ૨૫૦૦ જેટલા ધ્વજ લગાવવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લામાં ૨૦૦૦ જેટલા ધ્વજ લગાવાયા, કમળ વિકાસ કૂચ અને ટીફીન બેઠકનું આયોજન કરવામાં આયું હતું.

ભાજપાના મીડીયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે ૬ એપ્રિલના સ્થાપના દિનની ઉજવણી કાર્યક્રમોની માહિતી આપતા જણાવ્યું હતું કે, સુરત મહાનગરમાં યુવા મોરચા દ્વારા વિશાળ કમળ વિકાસ કૂચ યોજવાનું તેમજ જનસંઘી ભાજપાની વિકાસયાત્રાને લઈને સાંજે સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત જિલ્લામાં ૧૦,૦૦૦ સ્થાનો પર બુથ સંપર્ક કરી ધ્વજ લગાવવામાં આવ્યા હતા. તાપી જિલ્લામાં ૩૦૦૦ સ્થાનો પર, વડોદરા જિલ્લામાં ૧૨, ૦૦૦ સ્થાનો પર જુદા જુદા તાલુકામાં ધ્વજ લગાવવામાં આવ્યા હતા. કચ્છ જિલ્લામાં ૧૩,૦૦૦ સ્થાનો પર ધ્વજ અને ગરીબ પરીવારમાં રાશનની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભરૂચમાં ૩૦૯૦ જેટલા ધ્વજ જુદા જુદા બુથોમાં લગાવવામાં આવ્યા. ગરીબ વસ્તીમાં ફળ વિતરણ અને કમળ વિકાસ કૂચ યોજવામાં આવી. નર્મદામાં ૭૦૦ સ્થાનો પર, રાજકોટ જિલ્લામાં ૧૫,૦૦૦ સ્થાનો પર, ખેડામાં ૧૮,૦૦૦ સ્થાનો પર, સુરેન્દ્રનગરમાં ૧૭,૦૦૦ સ્થાનો પર ધ્વજ લગાવી કમળ વિકાસ કૂચ કાઢવામાં આવી હતી.

ભાજપાના ૩૩માં સ્થાપના દિનની સમગ્ર રાજ્યમાં ઉજવણી કરવામાં આવી હતી અને રાજ્યના વિવિધ જિલ્લા/મહાનગરમાં અનેક સ્થાનો પર સાંજના સમયે કમળ વિકાસ કૂચ અને સંમેલનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

# ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સમગ્ર દેશમાં પર્યાવરણ સુરક્ષા ક્ષેત્રે આગવી પહેલ

ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરમાં સંપૂર્ણ સૌર ર્જા સંચાલિત પર્યાવરણ ભવનનું ઉદ્દઘાટન કરતાં સ્પષ્ટપણે એવું પ્રેરક આહ્‌વાન કર્યું હતું કે, આપણી ભાવિ પેઢીની રક્ષા માટે હવે પ્રદૂષણ નિયંત્રણ નહીં પરંતુ પ્રદૂષણ મુક્ત સમાજનું આપણું ધ્યેય હોવું જોઈએ. પ્રદૂષણનો રોગચાળો વકરે તે પહેલાં જ તેને ડામી દઈશું તો આવનારી પેઢીઓ સ્વસ્થ અને સુખી બનશે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નવનિર્મિત આ પર્યાવરણ ભવનમાં ૮૦ કિલોવોટ સૂર્યશક્તિથી ર્જાની ટેકનોલોજીનો વિનિયોગ કરવામાં આવ્યો છે જે સમગ્ર દેશને ગ્રીન બિલ્ડીંગનો નવો રાહ બતાવશે.



પ્રદૂષણ નિયંત્રણ અંગેના પુસ્તકોનું વિમોચન અને GPCBની ઓનલાઈન સેવાઓનું લોન્ચીંગ મુખ્ય મંત્રીશ્રીએ કર્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝ્બ્ભ્ઝ્ને આ દૂરંદેશીભર્યા ભવન નિર્માણ માટે અભિનંદન આપ્યા હતા અને જણાવ્યું હતું કે, સૂર્યશક્તિની ર્જા અંગે અને પર્યાવરણ બાબતમાં જાગૃતિનો અભાવ નથી પરંતુ તેનું અનુસરણ કરવાનું વાતાવરણ સાર્વત્રિક બનાવવાનું છે.

ઉદ્યોગો દ્વારા પ્રદૂષણો ઉભા થાય તે પહેલાં જ તેને ઉગતા ડામી દેવાની જરૂર ઉપર ભાર મુકતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, આમ થાય તો ઔદ્યોગિક ક્ષેત્રે પ્રદૂષણો રોકવા માટેના કાયદા ઘણા ઓછા થઈ જાય. ઉદ્યોગોએ પોતાના હિત માટે બીજાના હિતોનો ભોગ ન લેવાય તેનું પર્યાવરણ સુરક્ષાના સંદર્ભમાં સતત ધ્યાન રાખવું જોઈએ.

પિૃમના ઔદ્યોગિક વિકાસના અનુસરણને કારણે પ્રદૂષણોનો ભોગ બનવા વારો આવ્યો છે તેની ભૂમિકા આપી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, આપણી ભારતીય પરંપરા પ્રમાણે ''વેઈસ્ટમાંથી બેસ્ટ''ની અને રીસાઈકલની પ્રકૃતિ જીવનશૈલીમાં વણાયેલી હતી પરંતુ પિૃમના ''થ્રોઅવે કલ્ચર'' દ્વારા પર્યાવરણ માટે જોખમો ખડા કરેલા છે. એમાંથી બહાર આવવા આપણે પ્રદૂષણો સર્જાય જ નહીં તે માટે સતત સ્વભાવ કેળવવો જોઈએ.



દેશના શહેરોમાં 'સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ' અને 'વોટર ટ્રિટમેન્ટ રિસાઈકલ'નું આર્થિક રીતે સક્ષમ મોડેલ અપનાવવા મુખ્ય મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીને રજૂઆત કરેલી પણ બે વર્ષ સુધી તેમાં કોઈ પ્રગતિ થઈ નથી તેની ભૂમિકા આપી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતે ૫૦ શહેરોમાં કલીન સીટીનો આ પ્રોજેકટ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

આગામી સદીમાં IT + BT + ET (એન્વાયર્ન ટેકનોલોજી) ત્રણ આધાર ઉપર વિકાસ થશે એમ તેમણે જણાવ્યું હતું.

વન પર્યાવરણ મંત્રી શ્રી મંગુભાઈ પટેલે આ નવતર ગ્રીન બિલ્ડીંગની વિશેષતાઓની ભૂમિકા આપી જણાવ્યું કે, સૌર ર્જાથી આ ભવનમાં વીજળીની બચત તો થશે જ સાથે વરસાદી પાણીના સંચયથી પણ જળવ્યવસ્થાપન થશે. ગુજરાતની પર્યાવરણ સુરક્ષાના કાયદાના અમલ માટેની આગવી ઓળખ ઉભી થઈ છે, તેમ તેમણે જણાવ્યું હતું.

વન પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી કિરીટસિંહજી રાણા, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા સહિત ઉદ્યોગ ક્ષેત્ર અને પર્યાવરણ સુરક્ષા ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય મંત્રીશ્રીએ પ્રદૂષણ નિયંત્રણ વિષયક પુસ્તિકા સંપૂટ તથા લોકોપયોગી ઓન લાઈન સેવાઓનું પણ વિમોચન કર્યું હતું.

બોર્ડના અધ્યક્ષશ્રી ડૉ. કનુભાઈ મિસ્ત્રીએ સ્વાગત પ્રવચન તથા વન પર્યાવરણના અગ્ર સચિવ શ્રી નંદાએ આભારદર્શન કર્યું હતું.

# ઝવેરચંદ મેઘાણીની સંતવાણી ગીરનાર ચૅનલ પર પ્રસારિત થશે

ગાંધીનગર, તા. ૬

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ લોક સાહિત્યના સંશોધન અર્થે પોતે કરેલ પરિભ્રમણ દરમિયાન લોકમુખેથી સાંભળીને ટાંચણપોથીમાં ટપકાવી રાખવાં ૧૦૪ પ્રાચીન ભજનોનાં સંગ્રહ 'સોરઠી સંતવાણી' પર આધારિત અને દૂરદર્શન કેન્દ્ર અમદાવાદ, દ્વારા નિર્મિત ઝવેરચંદ મેઘાણી સંપાદિત પ્રાચીન ભજનોનો અદ્‌ભૂત કાર્યક્રમ 'સોરઠી સંતવાણી' ૩ ભાગમાં ડી.ડી. ગીરનાર ટી.વી. ચેનલ પર પ્રસારીત થશે. પ્રસારણ તા. ૭, ૧૪, ૨૧ એપ્રિલ સાંજે ૫-૩૦ કલાકે થશે. પુન પ્રસારણ ૮, ૧૫, ૨૨ એપ્રિલના સવારે ૮ કલાકે થશે.

ઝવેરચંદ મેઘાણી સંપાદિત સોરઠી સંતવાણીમાંથી મીરા, જેસલ તોરણ, ગંગા-સતિ, દેવાયત પંડિત, દાસી જીવણ, લખીરામ હરજી, ભાટી લખમા માળી વગેરે સંતોની કૃતિઓ રજૂ થશે.

જૂની પેઢીના સમર્થ 'વાર્તાકાર' દરબાર પૂંજાવાળા પોતાની આગવી શૈલીમાં સંતો અને સંતવાણી રસપ્રદ વાતો રજૂ કરશે. સંત-સાહિત્યના ચર્ચી ડૉ. નિરંજનભાઈ રાજગુરુએ કાર્યક્રમનું સંચાલન કર્યું છે. જાણીતા સંગીતકાર શ્રી પંકજ ભટ્ટ સંગીત નિર્દેશન કર્યું છે.

# સમાચાર ઝલક

- મહુધા તાલુકાના સરદારપુરા પાટીયા પાસે દુર્ઘટના બસ-ડમ્પર વચ્ચે ગમખ્વાર અકસ્માત : ૯ના કરૂણ મોત
- ગુજરાતના ઉદ્યોગોને રાજ્ય બહાર ધકેલી દેવાની સાજિશ
- નહેરૂ બ્રિઝ પરથી યુવતીએ પડતુ મુક્યુ : સવારથી શોધ
- નરેન્દ્ર મોદીને શ્રીકૃષ્ણ તરીકે દર્શાવાતા ફરી હોબાળો થયો
- શ્રીકૃષ્ણના સ્વરૂપે મોદીના ફોટા હિન્દુધર્મનું અપમાન
- અમદાવાદ સહિત રાજ્યમાં તીવ્ર ગરમીનું પ્રમાણ યથાવત
- રાજયભરમાં હનુમાન જયંતિ, ગુડફ્રાઇડેની શાનદાર ઉજવણી
- પોલીસે આઉટડોર સારવારનો ખોટો રિપોર્ટ કોર્ટમાં રજૂ કર્યો
- ATMની ચોરી કરનાર બે સૂત્રધારોની આખરે ધરપકડ
- લકઝરી બસે રિક્ષાને ટક્કર મારતાં યુવાનનું કરૂણ મોત
- ગુજરાતની ઘણી શાળાઓમાં પીવાના પાણીની અવ્યવસ્થા
- સ્પોર્ટ્સ ક્લબમાં ૮મીએ બંપર હાઉસીનું આયોજન
- સેકન્ડયર નાપાસ વિદ્યાર્થીઓને પણ ટીવાયમાં પ્રવેશ મળી જશે

# સ્પોર્ટ્સ ક્લબમાં ૮મીએ બમ્પર હાઉસીનું આયોજન

અમદાવાદ, તા.૬

સ્પોર્ટ્સ ક્લબ અને લેન્ડમાર્ક હોન્ડાએ તા.૮મી એપ્રિલ, ૨૦૧૨ના રોજ, સ્પોર્ટ્સ ક્લબની લોનમાં એક સુપર બમ્પર હાઉસીનું આયોજન કર્યું છે. હાઉસીના ચાહકો આ સમારંભની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. સ્પોર્ટ્સ ક્લબ હાઉસી તેના સભ્યો અને મહેમાનો ઘણા જ ઉત્સાહથી માણે છે. આ માટે ૧૨૦૦ સભ્યો અને ૪૦૦ મહેમાનો માટે ટિકિટના વેચાણની ગોઠવણ કરવામાં આવી છે અને તે ઘણા સમય પહેલાં વેચાઈ ચૂકી છે. આ કાર્યક્રમમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ભાગ લેવા દેવામાં આવશે જ નહીં. આ વર્ષની સુપર બમ્પર હાઉસીમાં સુપર બમ્પર ઈનામો રાખવામાં આવ્યાં છે. અમદાવાદ હોન્ડા કારના ડીલર, લેન્ડમાર્ક હોન્ડા બમ્પર ઈનામ તરીકે ત્રણ કાર આપશે. હોન્ડા બ્રાન્ડ આ પ્રકારના સમારંભ સાથે પ્રથમ વાર જોડાઈ રહી છે. સ્પોર્ટ્સ ક્લબમાં હાલ ૭૨૦૦ સભ્યો છે. લેન્ડમાર્ક હોન્ડા અને સ્પોર્ટ્સ ક્લબ વિજેતાઓ માટે જે ઈનામો ઓફર કરી રહ્યા છે તેમાં હોન્ડાની પ્રથમ નાની કાર ઑલ ન્યુ હોન્ડા બ્રીયો અને હોન્ડા સિવિક, ટોપ એન્ડ ઓટોમેટીક કાર સહિત કુલ રૂપિયા ૪૧ લાખનાં ઈનામો હાઉસી રમનારને આપવામાં આવશે. આ ઉપરાંત ભારતનાં પ્રવાસક સ્થળોની ટુર, સોલીટેર ડાયમન્ડઝ, ડાયમન્ડ જ્વેલરી, ડીઝાઈનગર વોચીઝ બ્લેકબેરી મોબાઈલ્સ, અને અન્ય રોકડ ઈનામોનો પણ સમાવેશ કરાયો છે. હાઉસી ગેમ રમવા માટે તથા ઈનામો માટે દાવો કરવા માટે મહેમાન સાથે સભ્યનું હોવું જરૂરી છે.

## શબ્દાવલી - ૪૬૯૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ■ | ૮ | | ■ | ■ | ૯ | | |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | | ■ |
| ૧૩ | | ૧૪ | ■ | | ■ | ■ | ૧૫ |
| ■ | ■ | ૧૬ | | | ૧૭ | ૧૮ | ■ |
| ૧૯ | ૨૦ | | ■ | ■ | ૨૧ | | ૨૨ |
| ૨૩ | | | ■ | ૨૪ | | ■ | |
| | ■ | ■ | ૨૫ | | | | |

**આડી ચાવી**

૧. પાયલ, નુપુર (૩)
૪. સારો આચાર, શિષ્ટાચાર (૪)
૮. પ્રજા (તુચ્છકારમાં) (૨)
૯. નાનું નગારૂ, તબલુ (૩)
૧૦. જમીન, ભૂમિ (૨)
૧૧. અધૂરી ઈચ્છા, અફસોસ (૪)
૧૩. રોતડુ (૩)
૧૬. જર્જરીત, ખખડી ગયેલ (૫)
૧૯. પ્રશ્ન (૩)
૨૧. રાજા (૩)
૨૩. પાસુ (૩)
૨૪. અગ્નિ, લાય (૨)
૨૫. સુબહ-શામ (૫)

**ઊભી ચાવી**

૧. ઘરેણા વગેરે (૪)
૩. છુટ્ટીનો દિવસ (૨)
૫. રાક્ષસ (૩)
૬. ઓસાડ, ઓઢવાની જાડી ચાદર (૩)
૭. રામ (૩)
૧૦. એક પ્રકારનું ઘાસ (૨)
૧૨. સમાચાર (૩)
૧૪. લહેરખી, પીડા, દુઃખ (૪)
૧૭. પરાણે, બળજબરીથી (૪)
૧૮. કાજી, ન્યાય કરનાર (૨)
૧૯. સોગંદ, કસમ (૩)
૨૦. કાંટા-તારની જાળી (૨)
૨૨. ખોદવાની કૉશ (૩)
૨૪. મુકદ્દમા, કેસ (૨)

### શબ્દાવલી ૪૬૯૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) બેલાશક (૩) સીલોન (૬) વાઘ (૭) જમાનત (૮) વગદાર (૧૦) વિગ્રહ (૧૧) દાભ (૧૩) વાહન (૧૪) લુમ (૧૬) રવો (૧૮) મોકુફ (૨૦) ડોકવુ (૨૧) બદચલન

**ઊભી ચાવી :-** (૧) બેવા (૨) લાઘવગ્રહ (૩) સીમા (૪) લોન (૫) નતમસ્તક (૭) જરદાલુ (૯) ગહન (૧૦) વિવાહ (૧૨) ભમરડો (૧૫) સફલ (૧૭) વોકળો (૧૮) મોદ (૧૯) કૂચ



હનમાન જયંતિ નિમિત્તે સુંદરધામ, શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિર ખાતે ગોસ્વામી સંજયભારતીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાયા હતા. તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

# સૅકન્ડ યર નાપાસ વિદ્યાર્થીઓને પણ ટીવાયમાં પ્રવેશ મળી જશે

## નાપાસ વિદ્યાર્થીઓને ૨૦૧૫ સુધી સૅકન્ડ યર પાસ કરશે તો ટીવાયની ડિગ્રી : ૭૦ હજાર વિદ્યાર્થીઓને ફાયદો થશે

અમદાવાદ, તા.૬

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીએ, બીકોમ, બીએસસી, બીબીએ અને બીસીએના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓએ ઈન્ટર્નલ પરીક્ષા આપી હશે અને યુનિવર્સિટીની પરીક્ષામાં નાપાસ હશે તો પણ તૃતીય વર્ષ (ટીવાય)માં પ્રવેશ મળશે. જો કે આ વિદ્યાર્થી વર્ષ ૨૦૧૫ સુધીમાં દ્વિતીય વર્ષ પાસ કરશે તો જ તેને ટીવાયની ડિગ્રી પ્રાપ્ત થઈ શકશે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીએ આજે વિદ્યાર્થીલક્ષી જાહેરાત કરતા જણાવ્યું હતું કે હાલ યુનિવર્સિટી દ્વારા લેવાઈ રહેલી પરીક્ષામાં બીએ, બીકોમ, બીએસસી, બીબીએ અને બીસીએ દ્વિતીય વર્ષના ૭૦ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. જો આ વિદ્યાર્થીઓએ ઈન્ટર્નલ પરીક્ષા આપી હોય અને ટર્મ ગ્રાન્ટ થઈ હોય તો તેવા વિદ્યાર્થીઓને ચાલુ પરીક્ષામાં પાસ કે નાપાસ થાય તો પણ તૃતીય વર્ષ (ટીવાય)માં જવા મળશે. આ ઉપરાંત કોઈક કારણસર વિદ્યાર્થી ટર્મ ગ્રાન્ટ ઈન્ટરર્નલ પરીક્ષા આપી હોય અને ઈન્ટર્નલ પરીક્ષા પાસ હોય તેવા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની હાલ ચાલતી પરીક્ષા કારણસર આપી શક્યા ન હોય તો તેવા વિદ્યાર્થીઓને પણ ટીવાયમાં જવા મળશે. કુલપતિએ આ જાહેરાત પાછળનું કારણ જણાવતા કહ્યું છે કે ચાલુ વર્ષે સેમીસ્ટર સિસ્ટમને કારણે આવનાર શૈક્ષણિક વર્ષથી તમામ કોલેજોમાં દ્વિતીય વર્ષમાં શૈક્ષણિક કાર્ય સેમેસ્ટરમાં તબદીલ થશે જેના કારણે નાપાસ થયેલા અને બાકી રહેલા વિદ્યાર્થીઓ પાસ થઈ આગળના વર્ષમાં (ટીવાય)માં આવે ત્યારે ટીવાયનું શૈક્ષણિક કાર્ય સેમેસ્ટરમાં તબદીલ થશે. જેના કારણે ટીવાયમાં આવતા નાપાસ વિદ્યાર્થીઓ કોલેજના સેમેસ્ટર શિક્ષણથી વંચિત રહેશે.

કોલેજોમાં સમાંતર અને જૂની પદ્ધતિથી શૈક્ષણિક કાર્ય શક્ય નથી. જેથી નાપાસ કે બાકી રહેલા વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૧૫ સુધીમાં સેકન્ડયર પાસ કરશે તોજ તેઓને ટીવાયની ડિગ્રી મળશે.

## મોંઘેરાં મોતી (પાના નં. ૪ નું ચાલુ)

પરંતુ બેચરભાઈને આશા હતી કે, સમય જતાં મારાં સંતાનોમાંથી રસ ખરો પણ તેઓ જોઈએ તેવું જાણતા નહીં. પરંતુ બેચરભાઈને આશા હતી કે, સમય જતાં મારાં સંતાનોમાંથી કોઈ શીખશે; એટલે તેમણે નકશી કામનાં ટાંકણા સાચવી રાખેલા. એક દિવસ બહાર ગામ જતાં દેવીને મોકો મળી ગયો. પિતાએ સંઘરેલા ટાંકણા શોધ્યાને લાકડામાંથી ઢેલનાં મોઢા બનાવીને ડામચિયાની તૂટેલી ઢેલો સાંધી દીધી. પછી તો શરૂ થઈ શિલ્પ-ચિત્ર સાધના. દેવજીનું મન વારંવાર કંઈક કરવા થનગમતું હતું.

નકશીકામની વધુ પ્રેકટિસ થઈ શકે તે હેતુથી બેચરભાઈને દોઢ ફૂટની ઊંચાઈના બે સાગના લાગડા તથા રંગો અપાવ્યા અને દેવજીએ પહેલું શિલ્પ બનાવ્યું. પોલીસમેનનું. પોલીસમેનના શિલ્પનું ભારે આકર્ષણ જામ્યું. લાઠી સ્ટેટના મામાસાહેબે ખુશ થઈને દેવજીને રૂપિયા દસનું ઈનામ આપ્યું હતું.

દેવજીને કંઈક બનવું હતું. કંઈક મેળવવું હતું. તેથઈ તેઓ ૧૯૪૬માં લીંમડા ગામથી ભાવનગર આવ્યા. ખ્યાતનામ ચિત્રકાર હરજીવનભાઈ પાસે ચિત્રવિદ્યા શીખવાની શરૂઆત કરી. ગુરુ હરજીવનદાસે દેવજીભાઈને પર્સ્પેક્ટિવ વ્યૂહ, લૅન્ડસ્કેપ, એનોટોમીનાં સિધ્ધાંતો, ચાઈના કલેમોડલિંગ વગેરેનું જ્ઞાન આપ્યું.

અઢાર વર્ષની ઉંમરે તેઓ શારદાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયાં હતાં.

દેવજી કલા-સાધનાની સાથોસાત મશીનયુગમાં પણ કદમ માંડવા ઈચ્છતા. રાત-દિવસ તનતોડ મહેનત કરવામાં તે પાછા પડે તેમ નહોતા. તેમણે અનેક કારખાનાઓમાં કામ કર્યું, અનુભવ મેળવ્યો. તેમને વારંવાર થતું હતું કે કલાસાધનાથી પેટ થોડું ભરાય?

... અને એ દિવસ આવી ગયો. ૧૯૬૦ ના અરસામાં તેમણે વી.કે. એન્જિનીયરીંગ નામનું પલ્વરાઈઝર મશીન બનાવવાનું કારખાનું શરૂ કર્યું હતું. પલ્વનાઈઝર મશીનથી સૌંદર્યપ્રસાધનો માટેના પાઉડર, ભૂતડો વગેરે દળવામાં આવતાં. દેવજીએ એક નહીં એક પ્રવૃત્તિઓ કરવી હતી. પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવો હતો. ચારે દિશામાં ફેલાવું હતું. તેમણે તેમના સમાજ માટે પણ ક્રાંતિ કરેલી. તેઓ ભાવનગર, રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, જૂનાગઢ, વડોદરા, અમદાવાદ અને મુંબઈ જેવા મોટા શહેરોમાં વર્ષો સુધી રાત-દિવસ જોયા વિના સ્વયં પોતાના ખર્ચે સમાજના ઉત્થાન અર્થે દોડ્યા. પરંતુ સમાજના રૂઢિચુસ્ત લોકોએ તેમની આશાવાદી, વિકાસલક્ષી અને પ્રગતિશીલ દષ્ટિને અંધ બનાવવાના પ્રયત્નો કરેલાં. આ બધા અવરોધો વચ્ચે પણ તેઓ તો સાચા અર્થમાં કર્મયોગી બનીને જ રહ્યાં હતા.

તેમણે તેમના સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે મજબૂત પાયો નાખ્યો. એ પાયા ઉપર તેમના સંતાનોની સુખ-સમૃધ્ધિની ઈમારતો ઊભી છે; તેનો તેમને સંતોષ હતો. પંચોત્તેર વર્ષની વયે પણ આ કલાકારે આત્માનંદ માટે કલા ઉપાસનાના જાળવી રાખી હતી. આ કલાકાર બાર કલાકની કલાસાધના હતી. એમનું સરસ ચિત્ર-શિલ્પ સંકુલ હતું. એ સંકુલમાં મગ્ન બની જીવન ઘરેડથી, સંસારથી પર જઈ પોતાની સાધનામાં તલ્લીન બની જતા હતાં. તેઓ કહેતાં : 'સર્જન કરો; ખંડન નહીં. સર્જન વર્ષોમાં છે; સંહાર ક્ષણમાં છે.'

તેમનો સાઈઠ વર્ષનો મૂક કલાસાધનાનો નિચોડ ભાવનગરથી માંડી મહાનગર મુંબઈ સુધી અને નાનામાં નાના ગામડામાં તેમણે કંડારેલી શિલ્પકૃતિઓમાં જોવા મળે છે.

તેઓ શિલ્પ કંડારતા હોય ત્યારે આપણે જોયા જ કરીએ.

ચિત્ર દોરતા હોય તો માણ્યા જ કરીએ.

નિજી મિજાજમાં બોલતાં હોય તો એમ થાય કે બસ સાંભળ્યા જ કરીએ. સર્જકને શ્રધ્ધાંજલિ.